ક્રિ.કેસ.નં.૫૬૦૮/૨૦૧૮

**-:આંક -૧ લગત હુકમ:-**

આજરોજ નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટીના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામા આવેલ છે અને નામ.ગુજરાત રાજય કાનુની સત્તા સેવા મંડળ ના તથા નામ.જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

સદર કેસનું રેર્કડ ઘ્યાને લીઘુ. આરોપીઓ સામેના ગુનાનું તહોમત ઘ્યાને લેતા આ કામે આરોપી સામે વારંવાર સમન્સ/વોરંટ કરવા છતા બજવણી થતી નથી અને આરોપી સામેનો કેસ ઘણો જુનો છે અને આરોપીને વોરંટ પર લાંબા સમયથી મુલતવી રહેતો આવેલ છે અને આરોપી સામે કાઢેલ પ્રોસેસ પણ બજે કે વગર બજે કે નવા સરનામા મેળવી પોલીસ બજવણી તરફથી પરત ફરેલા નથી. કે પોલીસ બજવણી અધીકારી પ્રોસેસ ની રુએ આરોપી ને હાજર કરી શકેલા નથી અને આરોપી ને વોરંટ બજી પકડી આવેલા નથી અને કેસ નિષ્ક્રિય બની રહેલ છે. અને કેસનુ રેકડ જોતા પણ આરોપીની હાજરી મળી આવે તેમ જણાતી નથી અને સરકાર પક્ષે પણ આરોપીની હાજરી કેસમા ઉપ્લબ્ધ કરાવવા કોઈ અરજી/રીપોટ/રજુઆત નથી. જેથી આરોપીને વારંવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરવા છતા આરોપીની હાજરી ઉપ્લબ્ધ થઈ શકે તેમ જણાતુ નથી અને કેસની ન્યાયીક કાર્યવાહી લંબાયા સીવાય અન્ય કોઈ હેતુ સરતો નથી. આથી આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને વઘુ તકો આપવી ઉચીત જણાતી નથી.

**પી.રામચંદ વિ. કર્ણાટક રાજય ૨૦૦૨(૨)જી.એલ.આર. પાના નં.૧૫૪૯ ઉપર પ્રસિઘ્ઘ થયેલનામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં સિંઘ્ઘાંત પ્રસ્થાપિત કરેલ છે કે, “The Criminal Courtshould exercise their available powers such as those under section 309,311,258 of the Code of Criminal Procedure,1973 to effectuate the rightto speedy trial”** આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નંબર ૨૯૧૭/૨૦૦૬ તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલછે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રાખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્યકિસ્સામાં સી.આર.પી.સી. કલમ ૨૫૮ અન્વયે મળેલ સતાઓનો ઉપયોગ કરે. આમ ઉપરોકત હકીકતોઘ્યાને રાખી સદર કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય જેથી પોલીસતંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવામાં નિષ્ફળ નીવડેલ હોય અને હવે વઘુ સમય આરોપીને હાજરકરાવવા પોલીસ તંત્રને વઘુ સમય આપવો ઉચીત જણાતો ન હોય. જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની_કલમ-૨૫૮ ઘ્યાને લઈ હાલની કેસની કાર્યવાહી સ્થગીત કરવું ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબ હુકમફરમાવવામા આવે છે.

**-: હુ ક મ :-**

૧). આથી ચાર્જશીટ પરના હાલના કેસના આરોપી સામેની કેસની કાર્યવાહી સ્થગીત કરવાનો હુકમ કરવામા આવે છે. આથી આરોપીને બીન-તહોમત મુકત કરવામા આવે છે.

૨). આરોપીનો જાત મુચરકો તથા જામીનખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ જપ્ત કરી સરકાર ખાલસા કરવામાં આવે છે.

૩). આ કામે કબ્જે લીઘેલ મુદદામાલ અંગે જો વચગાળાનો કોઈ હુકમ કરેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે. અને અન્ય બીન કીમતી મુદદામાલ કે કિંમતી મુદદામાલ નો અપીલ સમય વીતે ક્રિમીનલ મેન્યુઅલ ની જોગવાઈ મુજબ નિયમઅનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૦૮/૦૨/૨૦૨૦

**(કુ.એસ.એન.ફાળકી)**
નવમા એડી. જયુ. મેજી. ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.
U.I.C. NO. GJ 01579